# અંદાજપત્રીય વિહંગાવલોકન ૨૦૦૯-૨૦૧૦

| **(૧) એકત્રિત ફંડ** | | **(રૂા. કરોડમાં)** |
|---|---|---|
| મહેસૂલી આવક | | ૪૨૦૭૩.૬૮ |
| મહેસૂલી ખર્ચ | | ૪૨૦૧૬.૪૨ |
| મહેસૂલી આવક પર પુરાંત | (+) | ૫૭.૨૬ |
| મૂડી આવક | | ૧૧૪૭૩.૦૨ |
| લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૧૦૯૮૦.૯૨ |
| મૂડી હિસાબ પર પુરાંત | (+) | ૪૯૨.૧૦ |
| **સરવાળો (૧) એકત્રિત ફંડ(ચોખ્ખું)** | (+) | **૫૪૯.૩૬** |
| **(૨) આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | | -- |
| **(૩) જાહેર હિસાબ (ચોખ્ખો)** | (-) | **૩૯૬.૦૦** |
| **સરવાળો, ચોખ્ખી લેવડ દેવડ (૧+૨+૩)** | (+) | **૧૫૩.૩૬** |

- ૨૦૦૯-૨૦૧૦ ના અંદાજપત્રમાં રાજ્યની કુલ આવક **રૂા. ૫૩૫૪૬.૭૦ કરોડ** પૈકી મૂડી આવક રૂા. ૧૧૪૭૩.૦૨ **કરોડ** અંદાજવામાં આવી છે. જેમાં નાની બચતના રોકાણો સામેની લોન રૂા.૧૦૦.૦૦ કરોડ, જાહેર બજારની લોન **રૂા.૯૭૦૭.૬૫ કરોડ**, નાણાકીય સંસ્થાઓ તરફથી મળનાર લોન **રૂા.૧૨૫૩.૮૧ કરોડ** અને વિશ્વબેંક તથા એશિયન ડેવલપમેન્ટ બેંક તરફથી મળનાર લોન **રૂા.૧૮૦.૫૦ કરોડ**નો સમાવેશ થાય છે.
- ઉપરોક્ત આવક સામે અંદાજેલ કુલ ખર્ચ **રૂા.૫૨૯૯૭.૩૪ કરોડ** પૈકી મહેસૂલી ખર્ચ **રૂા.૪૨૦૧૬.૪૨ કરોડ** અંદાજવામાં આવ્યો છે અને મૂડી સદરે **રૂા.૧૦૯૮૦.૯૨ કરોડ** ખર્ચ અંદાજવામાં આવેલ છે.
- આ ખર્ચ પૈકી જાહેર દેવાના વ્યાજ અંગે **રૂા.૭૬૬૪.૨૦ કરોડ** જ્યારે દેવાની પરત ચૂકવણી અંગેની **રૂા.૩૨૪૬.૬૬ કરોડ**ની જોગવાઇનો સમાવેશ થાય છે.
- નાણાકીય વ્યવસ્થાના ભાગરૂપે કોન્સોલીડેટેડ સીંકીંગ ફંડમા **રૂા.૫૦૦ કરોડ** તથા ગેરંટી રીડમ્પશન ફંડમાં **રૂા.૬૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ઉપરોક્ત અંદાજોને અનુલક્ષીને મહેસૂલી પુરાંતની સ્થિતિ નીચે મુજબ છે.

**(રૂપિયા કરોડમાં)**

| **વર્ષ** | **મહેસૂલી પુરાંત** | |
|---|---|---|
| ૨૦૦૬-૨૦૦૭ના હિસાબો | (+) | ૧૭૭૦.૦૯ |
| ૨૦૦૭-૨૦૦૮ના હિસાબો | (+) | ૨૧૫૦.૩૪ |
| ૨૦૦૮-૨૦૦૯ ના સુધારેલ અંદાજ | (+) | ૨૬૮.૫૬ |
| ૨૦૦૯-૨૦૧૦ ના અંદાજ | (+) | ૫૭.૨૬ |

- કૃષિ અને સહકાર ક્ષેત્રે આગામી વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં **રૂા.૧૨૦૭.૪૨ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી અભિગમ માટે તેમજ ઉત્પાદન ખર્ચ ઘટે તેવી ખેતી પદ્ધતિના વિકાસ અર્થે **રૂા.૪૧૩.૬૦ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- જમીન અને જળ સંરક્ષણ ક્ષેત્રમાં વિવિધ યોજનાઓ અંગેની **રૂા.૨૪૯.૨૫ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રો અપગ્રેડ કરવા **રૂા.૧૯૬.૬૯ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- ગરીબી રેખા નીચે જીવતાં ખેડૂતોને કિસાન કીટનું વિતરણ કરવા **રૂા.૨૦ કરોડ**નું આયોજન કરેલ છે.
- પાક વિમા યોજના હેઠળ **રૂા.૨૩૮ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને રાજય સહકારી બેંકોને મજબૂત કરવા **રૂા.૮ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- પશુપાલન ખાતાની પ્રચાર-પ્રસાર અને આરોગ્ય સેવાઓ લક્ષી પ્રવૃત્તિ માટે **રૂા.૯.૫૬ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- કૃષિ બજાર વ્યવસ્થાને સુદ્રઢ કરવા **રૂા.૧૦.૬૫ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીફોર્મ મિશન હેઠળ **રૂા.૯૫૧.૬૭ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- નગરપાલિકાઓની માળખાકીય સુવિધાઓ માટે વાજપાઇ નગર વિકાસ યોજના હેઠળ **રૂા.૩૦૬ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- શહેરી વિસ્તારોના ઘન કચરાના નિકાલ માટે **રૂા.૩ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ઇ-ગ્રામ - વિશ્વ ગ્રામના અભિયાન હેઠળ **રૂા.૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ને સહાયકી માટે **રૂા.૫૦.૮૦ કરોડ** અને શેરમૂડી ફાળા માટે **રૂા.૩૭.૨૦ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઝૂંપડ પટ્ટીમાં વિજળીકરણ માટે ૧,૧૦,૦૦૦ જોડાણો આપવા માટે **રૂા.૪૨ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- પ્રાથમિક શાળાઓને કોમ્પ્યુટરથી સજ્જ કરવા માટે **રૂા.૨૫.૦૬ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- વિદ્યા સહાયક યોજના હેઠળ ૯૩૦૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરેલ છે અને હવે આગામી વર્ષમાં વધુ **૩૦૦૦** વિદ્યા સહાયકોની ભરતી કરવાનું આયોજન કરેલ છે.
- સ્થળાંતરીત મજુરો માટે **શહેરી ઝૂંપડપટ્ટીઓમાં ૧૦ મોબાઇલ આંગણવાડી કેન્દ્રો અને એક મોબાઇલ આંગણવાડી અગરીયાઓ** માટે શરૂ કરવામાં આવેલ છે.

- આદિજાતિ લોકોને વિવિધ માળખાકીય સુવિધાએ પુરી પાડવા ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ **રૂા.૩૨૫.૯૩ કરોડ**ની જોગવાઇ કરેલ છે..
- **આદિજાતિ વિસ્તારની આશ્રમ શાળાઓ** માટે રૂા.૩૪.૪૨ કરોડની જોગવાઇ કરેલ છે.
- અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ ક્ષેત્રની સંકલિત રીતે વર્ષ ૨૦૦૯-૧૦ માં **રૂા.૯૨૮ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે.
- સરદાર પટેલ આવાસ યોજના હેઠળ **રૂા.૧૧૫ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે.
- ઇન્દિરા આવાસ યોજના હેઠળ **રૂા.૮૩.૧૨૫૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ડૉ. આંબડેકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિને મકાન સહાય માટે **રૂા.૫૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલી છે.
- અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સફાઇ કામદારોને આવાસન માટે **રૂા.૮.૯૨ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે.
- **અનુસૂચિત જાતિના એમ.એસ./ એમ.ડી.** ના વિદ્યાર્થીઓને રૂા.૨૫ લાખની નાણાંકીય લોન માટે જોગવાઇ કરેલ છે.
- સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સાયકલો આપવા માટે **રૂા.૧ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- સમાજ સુરક્ષા ક્ષેત્રે કટીબધ્ધતા દાખવવાના હેતુસર ૨૦૦૯-૧૦માં **રૂા.૧૧૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- નિર્મળ ગુજરાતના **રૂા.૨૮.૫૦ કરોડ** સાથે રૂરલ સેનીટેશન હેઠળ **રૂા.૫૯.૫૦ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **રાષ્ટ્રિય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના** હેઠળ રૂા.૫૫.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા જળસ્ત્રાવ વિસ્તાર વિકાસના વિવિધ કાર્યક્રમો માટે **રૂા.૪૭.૯૮ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- આમ આદમી વિમા યોજના હેઠળ જમીન વિહોણા અતિ ગરીબ ગ્રામિણ પરિવારોને આવરી લેવા **રૂા.૧૧.૧૫૩૩ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- વનબંધુ યોજના અંતર્ગત રાજયના આદિવાસી વિસ્તાર દાહોદમાં ફીજીયોથેરાપી કોલેજ શરૂ કરીને **રૂા.૩.૫૦ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- ૧૮ થી ૪૦ વય જુથની **૧૦,૦૦૦ જેટલી નિરાધાર વિધવાઓ** પગભર થઇ શકે તે માટે વિધવા પેન્શન ઉપરાંત **રૂા.૩૦૦૦** લેખે સાધન સહાય આપવા કુલ **રૂા.૯.૧૭ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- ૪,૦૦૦ આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવા **રૂા.૪૦ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- હયાત ૫,૦૦૦ આંગણવાડીઓના મકાનોના નવીનીકરણ માટે **રૂા.૧૦ કરોડ**ની જોગવાઇ કરેલ છે.

- આંગણવાડી ક્ષેત્રે માતા યશોદા એવોર્ડ માટે **રૂા.૧.૧૧ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- રાજયના આદિજાતિ વિસ્તારમાં પાણી પુરવઠાની વિવિધ યોજના હાથ ધરવા માટે **રૂા.૨૭૩ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- લોકભાગીદારી દ્વારા પીવાના પાણીની આંતરિક વિતરણ વ્યવસ્થા માટે **રૂા.૧૧૭ કરોડ**ની જોગવાઇ કરેલ છે.
- અનુસૂચિત જાતિ / જનજાતિ અને ગ્રામ્ય શહેરી **ગરીબોના કુંટુંબોને ઘરગથ્થું વીજ જોડાણ રાહત દરે આપવા રૂા. ૪૨ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **પ્રગતિ-પથ, વિકાસપથ અને પ્રવાસીપથના** ૭૬૦ કિ.મી.ના કામો માટે **રૂા.૧૮૬ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **કિસાનપથ યોજના હેઠળ રૂા.૪૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **પોલીસદળના આધુનિકરણ** હેઠળ રૂા.૭૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- દેશની તેમજ રાજ્યની સલામતી ધ્યાને રાખી **સરહદી વિસ્તારના વિકાસ** માટે રૂા.૨૪.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- વિજળી અંગેના **બળતણ તથા વીજ ખરીદ ખર્ચ** માટે ૨૦૦૮-૦૯ માં રૂા.૭૯૪ કરોડ અને આગામી વર્ષ માટે રૂા.૭૫૦ કરોડની કૃષિ વિષયક વીજ વપરાશકારો માટે સહાયકીની જોગવાઇ કરેલ છે.
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ને **કૃષિ વિષયક પ્રશુલ્કમાં વળતર** માટે રૂા.૫૨૩.૦૪ કરોડની જોગવાઇ કરેલ છે.
- **ગુજરાત રાજ્ય સ્થાપનાની સૂવર્ણ જંયતિ ઉજવણી**ના યોગ્ય અને અગ્રિમ આયોજન માટે રૂા.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **મહાન ક્રાંતીવીર સ્વ.શ્રી શ્યામજીકૃષ્ણ વર્મા**ના સ્મારકની રચના અર્થે ૧૫૨ એકરની જમીન  માંડવી(કચ્છ) ખાતે ફાળવીને ક્રાંતીતીર્થની રચના માટે રૂા.૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**તા.ક. ::-**

**ઉપર દર્શાવેલી જોગવાઇઓ ચાલુ બાબતોને લગતી છે. જે વર્ષ ૨૦૦૯-૧૦ ના અંદાજપત્રને આધારિત છે, પરંતુ રાજય સરકારે ચાર માસનું લેખાનુદાન કરવાનું નક્કી કરેલ છે. આથી ફેરફાર કરેલ અંદાજપત્ર સમયે નવી સેવાઓનો સમાવેશ કરવામાં આવશે.**